સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સજે શણગાર સ્ટેશન, વેશ્યા જેમ, ટ્રેન વગર,
ખાઈ જાય કરોડો, નર્મદા-કેનાલો, પાણી વગર,
વગર ધણીએ વેંચાઈ જાય જમીનો બામણીની -
ફૂલે ફૂલણજી, કેન્દ્રની હવાથી વિકાસ વગર...

શોષાયાં પાપે,
પુણ્ય પ્રતાપી નદી -
નર્મદા પણ...

રડે સુરક્ષા,
હવે થાય કતલ -
ધોળે દિવસે...
(હવે તો જાહેરમાં ખૂન-લૂંટ-ગોળીબાર થાય છે)

હાઈકુ

ચિંતન

વિગૃહીતઃ પદાક્રાન્તો ભૂયોભૂયશ્ચ ખંડિતઃ ।
માધુર્ય મેવાવહતિ સુશ્લોક ઈવ સજ્જનઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેમ સારો શ્લોક હોય, તેનો વારંવાર વિગ્રહ કરો (પદપદાર્થ છૂટા પાડો), પદને છૂંટા પાડો અને તેના વારંવાર ટુકડા પાડો, તો પણ તે મધુરતાને ધારણ કરે છે, તે જ રીતે જે સજ્જન હોય છે તેની સાથે કલહ કરો, તેને લાત મારો કે તેનું વારંવાર અપમાન કરો, તો પણ તે મધૂરતાને આપે જ છે.

અહીં શ્લોક અને સંતનું સામ્ય દર્શાવ્યું છે મધુર શ્લોકનો પદ - શબ્દ - સંધિ વિચ્છેદ કરી તેના અનેક સારા અર્થ કાઢી શકાય છે. તેમ સંત-સજ્જનના ગુણોની પરીક્ષા, વર્તનની કસોટી કરવા છતાં એમનામાંથી સદ્‌ગુણની સુગંધ જ પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- સમર્થ માટે કાંઈ ભારરૂપ નથી, ઉદ્યમી માટે કશું દૂર નથી. વિદ્વાન માટે કોઈ પરદેશ નથી, પ્રિય બોલનારા માટે કોઈ અજાણ્યું નથી - **ચાણક્ય**
- સોયની અણીથી રીતે ભેગી કરી એમ પૈસા આવે છે અને ઓટની રેતી ધોવાઈ જાય છે એમ પૈસા જાય છે - **વિચારદીપ**
- જે મૂર્ખ ને નસીહત કરવા જાય છે તેને જ નસીહતની જરૂર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝેરીલા છોડને ઊગતો ઉખાડવો સહેલો છે, પણ એ વિષવૃક્ષ બન્યા પછી એને પાડી શકાતો નથી - **વિદુર**
- ક્યારેક આસપાસ પથરાયેલું અંધારું અંતરમાં અજવાળું પાથરતું હોય છે - **ગુણવંત શાહ**
- પ્રભુને માનવો સહેલો છે પણ પ્રભુનું માનવું કઠિન છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : કાકચીયાની અંદરના મીંઝને શેકીને તેનો મિક્ષરમાં પાઉડર બનાવીને સવારે નયમના કોઠે એક ચમચી નવ શેકા પાણી સાથે લેવાથી હરસ એક મહિનામાં મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સૂફી ફકીર હાફીઝે પરમાત્માની તારીફમાં એક ગીત લક્યું આમ એવું લાગે કે ફકીરે ગીત એમની પ્રેયસી માટે લખ્યું હશે. ગીતમાં લખ્યું 'તારા ગાલ પર જ તલનું નિશાન છે, એના પર હું સમરકંદ અને બુખારા દઈ દઉં...!

એ વખતે સમરકંદ અને બુખારાનો રાજા તૈમૂલ લંગ હતો એણે આવી કવિતા વાંચી ગુસ્સો આવ્યો. ફકીર હાફીઝને ધરપકડ કરી હાજર કરવાનો હુકમ કર્યો. હાફિઝને કહ્યું, 'કોઈ સ્ત્રીના કાલ પર તલ છે તો એનો મતલબ એ નથી કે એને સમરકંદ બુખારા ન્યોછાવર થઈ જાય.' બીજું કે આ બે શહેરો તો મારા છે, હું હજી જીવતો છું, તે મને પૂછ્યા વિના આ કવિતા કેમ લખી ?'

તૈમૂલલંગની મૂઢતા ઉપર હાફિઝ હસવા લાગ્યો. એમણે કહ્યું 'બાદશાહ, જેના ગાલની વાત છે, સમરકંદ - બુખારા એના છે, તું નાહક વચ્ચે પડીને ધમાલ કરે છે, તં આજે છે, કાલે નહીં હોય, જેના તલની વાત છે.... સમરકંદ... બુખારા તો એના જ છે.'

હાફિઝે આગળ કહ્યું, 'પરમાત્માની વાત કરી રહ્યો છું. પરમાત્માને પ્રેયસી સમજીને ગીત લખ્યું હતું, અને એ વાત પણ સત્ય છે કે એની ચીજ છે એને પરત કરવામાં શું જાય છે ? અને હું ગરીબ માણસ છું પણ મારું દિલ તો જો મારી પાસે કશું જ નથી તો પણ સમરકંદ બુખારા દઈ દીધા, તારી પાસે તો બધું જ છે. પરમાત્માને ધરી દેવાને તેમ છતાં આટલી તારી કંજુસાઈ.'

કદી ન હસવા વાળો તૈલુર લંગ હાફિઝની વાત સાંભળી હસી પડ્યો.

ત્રીજો મોરચો : રાજકારણનો નવો વળાંક

તંત્રીસ્થાનેથી...

તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ અને પશ્ચિમ બંગાલનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ આખરે 'ત્રીજા મોરચા'ની સંકલ્પના રમતી મૂકી જ દીધી. ચૂંટણી નજીક હોય ત્યારે રાજકીય પક્ષો પોતપોતાની અનુકૂળતા મૂજબ સમીકરણો પણ બદલાતા રહે છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે આવાં સમીકરણો રાજકારણને કેવી દિશા આપશે તો તેનો પૂર્વાભાસ ત્રીજા મોરચાની રચનાના સંકલ્પથી થઈ શકે એમ છે. ત્રીજો મોરચો રચવાનો અર્થ જ એ કે બે મુખ્ય પક્ષો સાથે જોડાવામાં પ્રાદેશિક પક્ષોને ઝાઝી ભલીવાર લાગતી નથી. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ વાળું 'રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન' (એનડીએ) અને કોંગ્રેસના નેતૃત્વવાળી 'સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન' (યુપીએ) ભારતીય રાજકારણનાં મુખ્ય પ્રતિસ્પર્ધી પરિબળો છે. આ ગઠબંધનોમાં પણ સમયાંતરે તોડફોડ અને તડજોડ થતી રહે છે. સત્તા પર હોવા છતાં એનડીએના ઘણા બધા ઘટકો ભાજપના વર્ચસ્વવાદી વલણને સાંખી લેવા તૈયાર નથી. આથી શિવસેના કે મનસે જેવા અતિ હિંદુત્વવાદી પરિબળો ઉપરાંત બિહારમાં જિતનરામ માંઝી અને રાજભર જેવા મર્યાદિત પ્રભાવ ધરાવનારા નેતાઓની પાર્ટીએ કે આંધ્રની તેલુગુ દેશમ જેવી પ્રભારક પાર્ટી આગામી ચૂંટણી વખતે એનડીએ સાથે નહીં હોય તે સુનિશ્ચિત થઈ ચૂક્યું છે. બનવાજોગ કે પંજાબનું અકાલી દળ પણ એનડીએનો સાથ છોડી દે. રામવિલાસ પાસવાન તો તાલ જોઈને રાગ આલાપનારા નીવડેલા પાટલી બદલુ છે. આ બધા એનડીએ છોડીને સીધા જ અત્યાર સુધી જેની સામે ઉગ્ર લડત આપતા રહ્યા હતા એવી કોંગ્રેસનું શરણું સ્વીકારતા સત્તર વાર વિચાર કરે જ. મમતા બેનરજીને આવી પાર્ટીઓને સાથે લઈ મોદી સામે મોરચો માંડવાનું પણ ગમે. પરંતુ મમતાને હાલ જેમનો હાથ પકડ્યો છે તે તેલંગાનાના નેતા એમના ગજા કરતાં વધુ મહત્ત્વાકાંક્ષા ધરાવનારા નેતા છે. તેઓ રાષ્ટ્રીય રાજકારણમાં કૂદી પડવા તૈયાર થયા છે. પ્રશ્ન છે થશે કે શું ત્રીજા મોરચાના નેતા તરીકે ભાજપ-કોંગ્રેસ બેઉથી સલામત અંતર રાખવા માંગતા રાજકીય પરિબળો ચંદ્રશેખર રાવને સ્વીકારી શકશે ? મમતા બેનરજી પીઢ નેતા હોવા છતાં એમના ઉછાંછળા સ્વભાવને કારણે ત્રીજા મોરચાનું નેતૃત્વ કરવા કરતાં બૅકસીટ ડ્રાઈવિંગ કરવાનો ઈરાદો ધરાવતાં હોય એવું લાગે છે. કોંગ્રેસ આળસ મરડીને બેઠી થવાના ઉધામા કરી રહી છે ત્યારે આ ત્રીજો મોરચો એની બાજી બગાડી તો નહીં મૂકે ? તેલંગાણાના નેતા સમય જોઈને પલટી મારે તો મમતાની રસોઈ પણ બગડી શકે છે. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવની કેમેસ્ટ્રી ખાસ્સી મળતી આવતી હોવાનું જાણીતું છે. જો કે ઉત્તરપ્રદેશ અને બિહારમાં કોંગ્રેસ માટે કેવું નકારાત્મક વાતાવરણ પ્રવર્તી રહ્યું છે એની રાહુલ ગાંધીને તાજેતરની પેટા ચૂંટણીઓમાં જ પ્રતીતિ થઈ ચૂકી છે. એટલે સપા-બસપા સાથે મળીને ભાજપ સામે શિંગડાં ભરાવે તો જ ઉત્તરપ્રદેશમાં કંઈ સાર્થક પરિણામ મેળવી શકાય. આ સંજોગોમાં માયાવતી મમતાના ત્રીજા મોરચા સાથે જોડાવાનું સ્વીકારશે કે કેમ તે પ્રશ્ન રહે છે. ક્યારેક ત્રીજો મોરચો રચી દેશનું સુકાન સુંભાળવાનું સપનું મુલાયમસિંહને પણ આવ્યું હતું એમ 'મહાગઠબંધન'નો વિચાર લાલુ પ્રસાદ યાદવને પણ સ્ફુર્યો હતો. આજે આ બેઉ સિનિયર યાદવો પડદા પાછળ ધકેલાઈ ગયા છે. અલબત્ત, એમનું વજૂદ અંશતઃ અકબંધ છે. પરંતુ ત્રીજો મોરચો કદાચ ભાજપને સત્તા પરથી હઠાવવાને બદલે યુપીએને સત્તા પર આવતું રોકવાનું નિમિત્ત પણ બની શકે! રાજકારણ તો આખરે શક્યતાઓની જ ચોપાટ છે.

એક ચમલી અને ચકલો માળો બનાવવા માટે તણખલાં લાવી રહ્યા હતા...

નવાં કલેવર
નટવર હેડાઉ

ઘરની કોલબેલ વાગી.

'અરે ! તમે આવો... આવો...'

તેવામાં તેમના મોબાઈલમાં રીંગ વાગી. મારી તરફ ધ્યાન આપ્યા વિના જ એ દસ મિનિટ સુધી બારણાંની બહાર ઓશરીમાં ઉભા રહી ફોન પર વાતો કરતા રહ્યા.

પત્ની એ રસોડામાંથી જોયું. કોઈ મળવા આવ્યું છે. તે પાણીનો ગ્લાસ ભરી ટીપોય પર મૂકી ગઈ.

તેણે જીન્સ અને ટીશર્ટ પહેર્યું હતું. હેરસ્ટાઈલ પણ કંઈક અલગ લાગતી હતી. મને તો જરા વિચિત્ર લાગી. પણ થયું હશે મોર્ડન જમાનો છે.

મોબાઈલ પર તેની વાત હજુ ચાલુ હતી.

બહાર પવન નિકળ્યો હતો. તેનાથી વૃક્ષ ઝૂમતાં હતા. એક ચમલી અને ચકલો માળો બનાવવા માટે તણખલાં લાવી લાવીને બારીના વેન્ટીલેશનના ખૂણામાં વસવાટ કરવાની તૈયારી કરતાં હતા.

ગઈ કાલે જ ચકલી દિવસ હતો. શહેરની સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિનામૂલ્યે માટીનાં અને પૂંઠાના માળાઓનું વિચરણ થયું હતું. મારો દિકરો પણ એક એવો માળો લઈ આવ્યો હતો. જે ઝાડની સામેની બાજુમાં જ ગેલેરીમાં તાર વડે બાંધ્યો હતો. પણ ચકલીઓને તેની તરફ જોવાની ફૂરસત ન હતી. ચકો ને ચકી તો ઘાસનાં તણખલાં, પ્લાસ્ટિકના દોરા, જેવી ચીજો શોધી શોધીને લાવતાં હતા અને પોતાનો માળો બનાવવાનો પ્રયત્ન કરતા હતા. પેલી કહેવત છે ને 'અપના હાથ જગન્નાથ'.

હું ઘડીકમાં પેલા આગંતૂક તરફ અને ઘડીકમાં ચકા ચકીના યુગલ તરફ જોતો હતો. ઉનાળો શરૂ થઈ ગયો હતો અને સામેના આંબાના મોટા ઝાડ પર કોયલનો ટહુકાર પણ સંભળાવા લાગ્યો હતો.

ફોન પુરો થતાં આવનારે મારા બેઠક ખંડમાં પ્રવેશ કર્યો. દિવાલ તરફ જોતાં કહે, 'ચૂનાના પોપડાં ઉખડવા લાગ્યાં છે. ઘણા સમયથી ચૂનો કરાવ્યો લાગતો નથી.'

'ક્યારે કરાવેલો ?' તે અંગે હું વિચારવા લાગ્યો. તેણે આજુબાજુ નજર ફેરવવા માંડી.

'તમારું ફ્રિજ પર બહુ જૂનું લાગે છે. ક્યારનું મોડલ છે ?'

'હું ફિક્કુ હસ્યો'

તે બોલ્યા, 'બહાર હિરોહોન્ડા પડ્યું છે તે નવું લીધું ?'

'હા છોકરાં માટે લીધું છે.'

એક નવું મોડેલ હમણાં બજારમાં આવ્યું છે. હું તમને બતાવીશ. તમારા માટે પણ લઈ લો.'

'વિચારીશ, બોલો બીજા શું સમાચાર છે.'

'હજુ સુધી તમે વી.સી.ડી. રાખ્યું છે. કાઢો તેને, ડીવીડી લઈ લો. બજારમાં બહુ સરસ આવ્યા છે.'

તે વખતે જ મારા લેન્ડલાઈન ફોનની ઘંટડી વાગી. હું તેની તરફ ફર્યો. રિસીવર પરથી ફોન ઉપાડ્યો.

'શું તમારી પાસે મોબાઈલ નથી ?'

'ફોન પર વાત કર્યા પછી મેં કહ્યું, 'સોરી, મારે નીકળવું પડશે.' ફરી મળીશું.

ઘણા સમય પછી એક દિવસ એ મને બજારમાં મળી ગયા. મારાથી જરા નારાજ હોય એવું લાગ્યું. પછી તમે તો આવ્યા જ નહીં અને મને પણ ન બોલાવ્યો. હું તો તમને મળવા આવ્યો હતો.'

'ના, તમે મને નહીં મારા ઘરની દિવાલોને, ફ્રિજને, ડીવીડીને અને હિરો હોન્ડાને મળવા આવ્યા હતા. તેથી મારે અગત્યનું કામ હોવાથી કોઈને મળવા માટે જવું પડ્યું હતું.'

'તો બોલો હે શું ચાલે છે, કંઈ નવા જૂની ?'

'હાં, ઘરના ખૂણામાં ચકાચકીએ માળો બનાવ્યો છે. તેમાં બે ઈંડા પણ મૂક્યા છે.'

'જાળી બનાવી દેવી જોઈએ. ચકલીઓ માળા બનાવે તેથી ઘરમાં કચરો ન પડે. માળો તમારો દીકરો તે દિવસે લાવેલો તેમાં રહેવું હોય તો ચકલીઓ રહે. તે બોલ્યા.'

'તમારી વાત તમને સાચી લાગતી હશે. પણ ચકાચકીને રેડીમેડ ઘર ન પણ ગમે. શિકારી પક્ષીઓથી સલામતી અને એકાંતનો અહેસાસ તે ન પણ કરી શકે. મોબાઈલના તરંગોથી તે બેચેની અનુભવે એવું પણ બને કે નહીં.' મેં તમને સમજાવવાતા કોશિશ કરી.

'ખબર નહીં, જવા દો ને એ વાત. હું નવી કાર લાવ્યો છું. ચાલો તમને ફરવા લઈ જઉં.' હું તેની સામે જોઈ રહ્યો.

અષાઢી યૌવન વરસાદ વિના જાણે કોરાધાકોર ચોમાસાનું આભ

ગુલમહોર
દિનેશ દેસાઈ

હરિતા મહેતા. શહેરની કૉમર્સ કૉલેજની લેકચરર. પાંત્રીસેક વર્ષની જાજરમાન યુવતી. ગૌર વર્ણ અને નમ્ર સ્વભાવ. મૃદુ અવાજ અને બોલે તો ફૂલ ઝરે. અમીયલ આંખો, જાણે લાગણીનો દરિયો. નકશીદાર ભ્રમર અને શ્યામ – ઘટ્ટ ઝુલ્ફોની ઘટા. એની હાજરીની નોંધ લેવી જ પડે એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ. હરિતા હંમેશા કૉટન હેન્ડલૂમ સાડી જ પહેરે. સાડીને મેચિંગ કલરનું પર્સ પણ ખરું.

અનુસ્નાતક થયા પછી નોકરી સ્વીકારી અને પચ્ચીસેક વર્ષની વયે લગ્ન કર્યાં. પતિ સારો મળ્યો હતો. નિલેન્દુ એને હંમેશા ખુશ રાખવાની કોશિષ કરે. જ્ઞાતિનો પરિવાર હોય અને કુળવાન પાત્ર મળે એ માટે મેટ્રિમૉનિયલ એડવર્ટાઈઝ આપી હતી. એમાંથી જ નિલેન્દુ શુકલના પરિવારનો સંપર્ક થયો હતો. તે બિઝનેસમેન હતો.

બેઉ વેલ એજ્યુકેટેડ અને સમજદાર હતા. બેઉએ એકમેકને સમજીને પસંદ કર્યા હતા. લગ્નજીવનની ગાડી આગળ વધી રહી હતી. નિલેન્દુના બે મોટા ભાઈ અને તેમના પરિવાર સાથે મા-બાપ પણ વિદેશ રહેતા હતા. વર્ષે એકાદ વાર તે લોકો વતન આવે, એ સિવાય આલિશાન ફ્લેટમાં પતિ-પત્ની એકલાં જ. દિવસો, મહિના ને વર્ષો. લગ્નજીવનને દાયકો વીતી ગયો પણ દામ્પત્યમાં સંતાનસુખ નહોતું. અષાઢી યૌવન વરસાદ વિના કોરાધાકોર ચોમાસાના આભ જેવું હતું. ચૈત્ર-વૈશાખના વાયરા ઊના નિઃશ્વાસ બનીને અંગને દઝાડી જતા હતા.

કંઈ કેટલાય લોકોને બતાવી જોયું. તબીબ હોય કે જ્યોતિષ, બધા જ એક અવાજે નિલેન્દુ અને હરિતાને કહેતા કે સંતાન શક્ય જ નથી. હરિતા સૂકી આંખે પતિને તાકી રહેતી અને કહેતી કે "નિલુ, હવે આ ખાલીપો અને લોકોનાં મ્હેણાં-ટોણાં વેઠાતાં નથી. તું કોઈ રસ્તો કાઢ. લોકો વાંઝણી... વાંઝણી... કહીને રસ્તો બદલી નાખે છે. મારે શું કરવું?"

બિચારા નિલેન્દુ પાસે પણ કોઈ જવાબ નહોતો. કોઈ ડૉક્ટર એમ કહેતા કે પતિના સ્પર્મ કાઉન્ટ ઓછા છે યા નીલ છે. કોઈ ડૉક્ટર એમ કહેતા કે પત્નીને ફર્ટિલિટી પ્રૉબ્લેમ છે. કોઈ ચોક્કસ કારણ મળતું નહોતું.

> **તબીબ હોય કે જ્યોતિષ, બધા જ એક અવાજે નિલેન્દુ અને હરિતાને કહેતા કે સંતાન શક્ય જ નથી. હરિતા સૂકી આંખે પતિને તાકી રહેતી અને કહેતી કે "નિલુ, હવે આ ખાલીપો અને લોકોનાં મ્હેણાં-ટોણાં વેઠાતાં નથી. તું કોઈ રસ્તો કાઢ. લોકો વાંઝણી... વાંઝણી... કહીને રસ્તો બદલી નાખે છે. મારે શું કરવું?"**

એક દિવસ પરિવારના વડીલ ભાનુશંકર દાદાએ રસ્તો કાઢવા સૂચન પણ કર્યું કે "જો તમને બેઉને વાંધો ન હોય તો બાલાશ્રમમાંથી બાળક દત્તક લેવા માટે નામ નોંધાવી દો. બીજું તો શું?"

આખરે આ ઉપાય અજમાવવા નક્કી થયું અને શહેરના બાલાશ્રમમાં જઈને નામ નોંધાવ્યું. પ્રગતિશીલ વિચારસરણીને લઈને નિલેન્દુ અને હરિતાએ દત્તક સંતાનમાં દીકરી લેવાનું પસંદ કર્યું હતું. બાલાશ્રમના સંચાલકે સલાહ આપી કે "જેટલું નાની ઉંમરનું સંતાન પસંદ કરશો એટલું જલદીથી એ તમને મમ્મી અને પપ્પા તરીકે સંબોધન પણ કરશે અને તમારો મા-બાપ તરીકે કુદરતી સ્વીકાર પણ કરી લેશે. નવજાત શિશુથી માંડીને એકાદ બે કે ચાર-છ મહિનાનું બાળક પસંદ કરો તો વધારે સારું."

જન્મ બાદ તરત ત્યજી દેવાયેલી અને હવે માત્ર ૪૫ દિવસની થયેલી સુંદર દેખાતી કન્યા ઉપર પતિ-પત્નીએ પસંદગી ઉતારી હતી. આશ્રમમાં થોડા દિવસ પહેલાં જ એને લાવવામાં આવી હતી. આશ્રમનો સ્ટાફ અને અન્ય બાળકો એનો ફૂલગુલાબી દેખાવ જોઈને એને "પિન્કી" કહીને બોલાવતાં હતાં. નિલેન્દુ અને હરિતાએ એનું નામ "કૃતિ" પાડ્યું હતું.

જન્મદાત્રી – ધાત્રી માતાના અભાવમાં "પિન્કી"ને બહારનું દૂધ આપીને જ બાલાશ્રમમાં ઉછેરવામાં આવી હોવાથી હરિતાને "કૃતિ"ને ઉછેરવામાં કોઈ મુશ્કેલી પડતી નહોતી. પતિ-પત્ની લાડકોડથી દીકરીને ઉછેરતાં હતાં. કૃતિ વિશે હરિતાના કૉલેજ સ્ટાફમાં અને નિલેન્દુના બિઝનેસ સર્કલમાં જાણ થઈ ગઈ હતી. આથી તેઓ પાર્ટીની ડીમાન્ડ કરી રહ્યા હતા.

શુકલ દંપતીએ ગ્રાન્ડ પાર્ટી રાખીને સૌને ઈન્વાઈટ કર્યા હતા. હરિતાની કૉલેજમાં લેકચરર તરીકે નવા નવા જ જોડાયેલા રોહન ગંજવાલા કૃતિને રમાડતા રહ્યા અને કૃતિ પણ એની સાથે ખિલખિલાટ કરતી રહી હતી. હરિતાનો કૉલેજ સ્ટાફ, નિલેન્દુનું ફ્રેન્ડ સર્કલ અને સગાં-વહાલાંએ કૃતિ માટે ગિફ્ટ્સનો રીતસર ઢગલો જ કરી દીધો હતો. રોહનનો નિલેન્દુ સાથે હરિતાએ પરિચય કરાવ્યો હતોઃ "નિલુ, આ છો રોહન ગંજવાલા. મેં તને એના વિશે વાત તો કરી જ હતી. અમારી કૉલેજનો સૌથી વધુ ટેલેન્ટેડ અને ક્રિએટીવ સ્ટાફ મેમ્બર. ઈંગ્લિશનો લેકચરર અને ઈંગ્લિશ લિટરેચરનો શોખીન પણ ખરો."

નિલેન્દુએ આવકારતા કહ્યું હતું કે "અરે ભાઈ, ઘરમાં જ્યારે જ્યારે કૉલેજની વાત નીકળે છે ત્યારે તમારી વાત કરતા હરિતા થાકતી જ નથી. ક્યારેક તો તમારી વાતો કરવામાં એક પીરિયડ જેટલો ટાઈમ લઈ લે..."

ક્યારેક કૃતિને રમાડવા માટે, ક્યારેક હરિતાને વ્હિકલ પ્રૉબ્લેમ હોય ત્યારે ઘરે મૂકવા માટે, કદીક બૂક્સ તો કદીક ફ્રૂટ્સ અને બીજું કશુંક આપવાના નિમિત્તે પણ રોહન અવારનવાર હરિતાના ઘરે આવવા લાગ્યો હતો. નિલેન્દુને આમાં કશું અજુગતું લાગતું નહોતું.

એક દિવસ તો અઢી-ત્રણ વર્ષની બોલકી કૃતિએ નિર્દોષભાવે મમ્મી-પપ્પાને કહ્યું હતું કે "મમ્મી, રોહન અંકલ આપણા ઘરે આવે છે એ મને ગમે છે. આપણે એક કામ કરીએ ને... રોહન અંકલને આપણા ઘરે જ રાખી લઈએ ને?"

"બેસ, બેસ ચિબાવલી... બહુ બોલતી થઈ ગઈ છે તું." એમ કહીને હરિતા દીકરી ઉપર ચિડાઈ ગઈ હતી. એક દિવસ તો મમ્મીના

અનુસંધાન પાના નં. ૭ પર

યહ ઘર બહોત હસીન હૈ...!! યે ઈંટ પત્થરો કા ઘર, હમારી હસરતોં કા ઘર...!!

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

કામવાળાં જયાબેન બે-ચાર દિવસથી અપસેટ હતા. એ ગાયત્રીબેનના ધ્યાને આવી ગયું. કામમાં ચોક્કસ, કોઈ કકળાટ નહીં, પરિવારની જવાબદારી છતાં ક્યારેય કીધા વગર રજા નહીં. ટૂંકમાં આજના જમાનામાં આટલાં સારાં કામવાળા બહેન મળવા એ પણ તકદીરની વાત હતી. ગાયત્રીબેનને આ જયાબેનની આખી સ્ટોરી ખબર હતી...

એમ તો જયાબેનનું બધું બરાબર ચાલતું હતું. પતિ સરકારી નોકરીમાં ચોકીદાર હતો. પગાર - પેન્શન - પીએફ બધું એમની લાયકાત પ્રમાણે યોગ્ય હતું. એમની નિવૃત્તિ બાદ એમની જગ્યાએ દીકરાને પણ નોકરી મળવાની શક્યતા હતી, એટલે એ પણ રાહત હતી. દીકરાને નાનપણમાં ભૂલથી કંઈક અલર્ગી ઈન્જેકશન અપાઈ જતાં એનો ડાબો હાથ વાંકો રહી ગયો હતો. સમયસર સારવાર ન મળતાં એ કાયમી ખોડ રહી ગઈ જેનું અપંગનું પ્રમાણપત્ર મળી ગયું હતું જેથી એની નોકરીની ચિંતા નહોતી...

... પણ એમ તકદીર જયાબેનને ક્યાં સુખના શ્વાસ લેવા દે એમ હતું ? બદ્દનસીબી એવી કે જયાબેનના સાસુ ગુજરી જતાં બધાં ગામડે ગયા. ત્યાંથી પતિ પાછો આવવા તૈયાર ન થયો. જયાબેનને કામમાં કારણ વગર રજા પાડવી ગમતી નહોતી, તેઓ પાછા શહેરમાં આવ્યા, પતિ ત્યાં રહ્યો અને દારૂની લતે લાગ્યો. પત્નીની સમજાવટ, ફોન બધું જ છતાં એ ત્યાં જ રહી ગયો. સરકારી કચેરીમાંથી નોટીસ આવવાની શરૂ થઈ. એક તો એને વાંચતા આવડતું નહોતું અને અધુરામાં પૂરું એણે કોઈને એ સરકારી કાગળ બતાવ્યા નહીં. એને હાજર થવા માટેની ત્રણ નોટીસ બાદ ચોથી જયાબેનના હાથમાં આવી...

અને પછી જયાબેનને ગંભીરતા ખબર પડી ગઈ. એ તરત જ ગામડે જઈને પતિને નોકરી હાજર કરવા લઈ આવ્યા. એણે એ દિવસે ચિક્કાર ઢીંચીને ઓફિસ ગયો, અધિકારીને બેફામ બોલીને બબાલ કરતાં એણે નોકરીથી હાથ ધોવાનાં વારા આવ્યા અને સાથે દીકરાને મળવાની નોકરી પર પણ પાણી ફેરવી નાખ્યું. દારૂના વ્યસને લિવર ખરાબ કર્યું, અને ટૂંકી બિમારીમાં એ પરિવારને રઝળતો મુકી મરી ગયો. રહ્યું તો માત્ર એક પોતાનું ઘર ! ઘર એટલે કાચી ઝૂંપડી, પણ પોતાની હતી, એટલું આશ્વાસન !

વિધવા જયાબેને પછી આસપાસની સોસાયટીમાં કચરા-પોતા-વાસણ અને રસોઈના કામ શરુ કર્યા. જયાબેનને બે દીકરીઓ અને એક અપંગ દીકરો હતો. દીકરો શારીરિક મર્યાદા છતાં કામ કરતો અને સાથે ભણતો. જયાબેન સવારથી સાંજ અવિરત કામ કરતાં, કોઈ રજા નહીં, કોઈ ચોરી-ચપાટી નહીં. એમનાં બનાવેલા ફૂલકા અને દાળનો વધાર બધાંને ચટકો લગાડતાં. બોલવામાં મૃદુ અને મીઠાં, કોઈ કામમાં ના નહીં, નવું શીખવાની તૈયારી એટલે સ્વાભાવિક જ દરેક શેઠાણીઓનાં માનીતા બની ગયેલાં.

> **પાશેરામાં પ્હેલી પૂણી, આ ભવમાં હું કોનો ઋણી ?**
> **ઈચ્છાનું તો એવું છે, કાયમ એ મરચાંની લૂણી!**
> **- ચિનુ મોદી 'ઈર્શાદ'**

ભણેલા નહીં, પતિનો આધાર નહીં, ક્યારેક વધારે કામ આવે તોય કોઈ કચકચ વગર ખૂશીથી કરી આપે. ગાયત્રીબેને પોતાના પતિની પાછળ પડીને જયાબેનનું રેશનકાર્ડ કઢાવી આપેલું. પતિના નામ પરથી ઝૂંપડી પણ મહેનત કરીને જયાબેનના નામે ચઢાવી આપેલી એટલે જયાબેન હંમેશા ગાયત્રીબેનના ઋણી બની રહેલાં.

ગાયત્રીબેનની જેમ જ કેટલાંક ઘરની શેઠાણીઓ પોતાના ઘરની ચાવી જયાબેનને સોંપીને નોકરી જતા. સાંજે આવે ત્યારે બધું ચકાચક હોય. કેટલાંક લોકો ઘર બદલીને ગયાં તો પણ જયાબેન સાથે સંબંધ રાખ્યા. એક બહેને તો એમનો પોતાનો સેમસંગનો સ્માર્ટ ફોન આપી દીધો, નવું સિમ નાંખીને રૂપિયા પણ એ જ ચૂકવતાં, એમણે જયાબેનને સ્માર્ટ ફોન વાપરતાં કર્યા.

'જયાબેન શું તકલીફ છે ? છેલ્લાં ચાર દિવસથી ચહેરો કેમ ઉતરેલો છે ? બાળકો બધા સાજા-નરવા છે ને ?' ગાયત્રીબેને એની વેદના વાંચતા સવાલો કર્યા. અને જયાબેને એમની વાત શરૂ કરી.

'આ અમારી ઝૂંપડી દુઃખનું કારણ છે. ૩૫ વર્ષ થઈ ગયા છે આ મકાનને. જીર્ણ થઈ ગઈ છે. ક્યારે જમીનદોસ્ત થશે કહેવાય નહીં. દિવાલો ભેજથી કોહવાઈ ગઈ છે અને પ્લાસ્ટરના પોપડા ખરી પડીને સળીયા બહાર નીકળી ગયા છે અને બાકોરામાંથી ઉંદરોની અવરજવર વધી ગઈ છે. બાળકોની નોટ-ચોપડીઓ કાતરી નાખી છે. હવે તો થાળી હાથમાં લઈને જમવાનાં દાડા આવ્યા છે. કારણ કે આ ઉંદરડા થાળીમાંથી રોટલી ખેંચી જવા જેટલાં હિંમતવાન થયાં છે. પ્લાસ્ટિકની બરણીઓ ચાવી જાય છે અને પીવાના પાણીમાં પણ કૂદકા મારે છે.'

ઘરમાં જ એમણે દર બનાવ્યું છે. ફલોરીંગ નબળું થતાં પગ મુકતાં ખાડાં પડે છે. એનાથી બચવા તળીયે જૂના પ્લાયવુડ નાખ્યા તો એ પણ આ ઉંદરોએ ચાવી નાંખ્યાં.' જયાબેન રડમસ થઈને બોલતાં હતા. શેઠાણી પાસે પ્લાસ્ટર કરાવવાની મદદ માંગતા હતા. જો જલ્દી ઘર વ્યવસ્થિત નહીં થાય તો બાળકોને લઈને ફૂટપાથ પર ઊંઘવાના દાડા આવશે. ગાયત્રીબેને બધી વાત સાંભળી અને એ દ્રવી ઊઠ્યાં. એની પાસેથી બીજા બધાંના ઘરે કામ કરનારના નામ - નંબર માંગી લીધા. એણે સાંજનું ખાવાનું પોતાના ઘરેથી લઈ જવાની સૂચના આપી જયાબેનને વિદાય કરી દીધા.

ગાયત્રીબેને બધાં જ ઘરે બહેનોને ફોન કર્યા. જયાની વ્યથા વર્ણવી અને પોતાના ઘરે તાત્કાલિક બેઠક બોલાવી. રવિવારે બપોરે એ પૈકીના ત્રણ ચાર બહેનો પ્રત્યક્ષ એની ઝૂંપડી જોઈ આવ્યા અને ખબર પડી કે વાસ્તવિકતા ભયંકર છે. ખાલી પ્લાસ્ટર કરીને આનું ઘર મજબૂત નહીં થાય. એટલે સર્વાનુમતે નક્કી કર્યું કે આપણે જયાબેનને ઘર બાંધી આપીએ...

કોઈએ ઈંટ - રેતી - સિમેન્ટ, કોઈ ટાઈલ્સ - બારી - બારણાંની ફ્રેમ તો એક બિલ્ડરની પત્નીએ ધાબુ ભરી આપવા જેવી જવાબદારીઓ સ્વીકારી લીધી. એક બહેન તો આર્કિટેક હતા, એમણે ૪૦ મીટરના એ પ્લોટ પર બે માળના મકાનની મસ્ત ડિઝાઈન બનાવી દીધી. ગાયત્રીબેન અને એના પતિએ સુપરવિઝન સ્વીકાર્યું. એક બહેને મહિના સુધી પોતાના સર્વન્ટ કવૉટરમાં રહેવાની વ્યવસ્થા કરી... અને માત્ર એક જ મહિનામાં સુંદર રંગરોગાન સાથે 'યહ ઘર બહોત હસીન હૈ' બની ગયું.

જયાબેનના આંખમાં ઝળઝળીયા હતા. એ ઘર સામું જોઈ જ રહ્યા. ગાયત્રીબેન બોલ્યા, 'હું સીધું સામાન આપું છં. આવતીકાલે ગુડી પડવો છે. આપણે વાસ્તુ કરીશું. અમે બધાં તમારે ત્યા